સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

**વેબસાઇટ :** www.rbi.org.in

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

**તારીખ :** 01 **જુન,** 2017

**આર બી આઈ એ જામખેડ મર્ચન્ટ કો-ઓપરેટીવ બેંક મર્યાદિત, જામખેડ, જીલ્લો અહમદનગર, મહારાષ્ટ્ર નું લાયસન્સ કેન્સલ કરેલ છે.**

ભારતીય રિઝર્વ બેંકે જામખેડ મર્ચન્ટ કો-ઓપરેટીવ બેંક મર્યાદિત, જામખેડ,જીલ્લો અહમદનગર, મહારાષ્ટ્ર નું લાયસન્સ કેન્સલ કરેલ છે આ ઓર્ડર ૧.૬.૧૭ ના રોજ ધંધાની બંધ થતી તારીખ થી અમલ માં આવશે. બેંક ને સમેટી લેવા અને લીક્વીડેટર ની નિમણુક કરવા નો ઓર્ડર ઇસ્યુ કરવા માટે રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટીવ સોસાયટી, મહારાષ્ટ્ર ને વિનંતી કરવામાં આવી છે.

આ બેંક નું લાયસન્સ કેન્સલ કરવામાં આવ્યું છે કારણકે :

- બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (AACS)ની કલમ 56 સાથે વાંચન માં લેતાં, કલમ 11(1) ની જોગવાઈ નું આ બેંકે પાલન કરેલ નથી.
- તેનું ઓપરેશન એ રીતે કરવામાં આવતું હતું કે જેથી હાલ ના તથા ભવિષ્યના થાપણદારો ના હિત નું નુકશાન થાય અને બેંકે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (AACS)ની કલમ 22(3)(a), 22(3)(b), 22(3)(c), 22(3)(d) અને 22(3)(e) નું ઉલ્લંઘન કરેલ છે.
- બેંક ની સ્થિતિ તેના હાલના તથા ભવિષ્યના થાપણદારો ની રકમ, તેમના દાવા વખતે ચુકવવા સક્ષમ નથી.
- બેંક ની હાલ ની નાણાકીય પરિસ્થિતિ મુજબ તેના રીવાઈવલ ની કોઈ સંભાવના નથી.
- જો બેંક ને હજુ બેન્કિંગ નો ધંધો ચલાવવા દેવા માં આવે તો જાહેર જનતા ના હિત ને ખરાબ અસર થાય તેમ છે.

તેના લાયસન્સ રદ થવા ના પરિણામે, જામખેડ મર્ચન્ટ કો-ઓપરેટીવ બેંક મર્યાદિત, જામખેડ, જીલ્લો અહમદનગર, મહારાષ્ટ્ર બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (AACS) ની કલમ 5(b) માં આપેલ વ્યાખ્યા મુજબ "બેન્કિંગ" નો ધંધો કરવા માટે તાત્કાલિક અસર થી પ્રતિબંધીત છે.

લાયસન્સ રદ થવા સાથે અને ફડચામાં લઈ જવાની કાર્યવાહી થતાજ જામખેડ મર્ચન્ટ  કો-ઓપરેટીવ બેંક મર્યાદિત, જામખેડ, જીલ્લો અહમદનગર, મહારાષ્ટ્ર  ના થાપણદારો તેમની થાપણ  ની રકમ ડીપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન (DOCGC) એક્ટ, ૧૯૬૧ મુજબ ચુકવવાની કાર્યવાહી શરુ કરવામાં આવશે. .ફડચામાં જતા, દરેક થાપણદારોને ડીપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન (DOCGC) પાસેથી  તેમની/તેણીની થાપણ ના રૂપિયા ૧૦૦૦૦૦/- (રૂપિયા એક લાખ માત્ર)  સુધી સમાન્ય શરતો અને નિયમો મુજબ મેળવવા હકદાર બનશે.

**જોઝ જે. કત્તુર**
**મુખ્ય મહા પ્રબંધક**

**પ્રેસ જાહેરાત : 2016-2017/3251**